*DL-001-001219*

# DL-001-001219

Seat No. ________

## First Year B. A. (Sem. II) (CBCS) Examination

**April / May – 2015**

**Gujarati (Main)**

*(New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001219**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧) પ્રશ્ન નં. ૧ MCQ પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં સૌપ્રથમ લખવાના છે.

(૨) **વિભાગ-૨**માં પ્રશ્ન નંબર ૨ થી **૫**નો સમાવેશ છે.

(૩) **દરેક** પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે જમણી બાજુ દર્શાવ્યા છે.

### વિભાગ – ૧

૧ નીચેના પ્રશ્નોના આપેલા ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : **૨૦**

(૧) પ્રહલાદ પારેખનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(અ) ઈ. સ. ૧૯૧૧ (બ) ઈ. સ. ૧૯૧૦

(ક) ઈ. સ. ૧૯૧૨ (ડ) ઈ. સ. ૧૯૧૩

(૨) પ્રહલાદ પારેખનાં કાવ્યસર્જન પર કોની સૌથી વધુ અસર પડી હતી ?

(અ) રવિન્દ્રનાથ ટાગોર (બ) ઉમાશંકર જોશી

(ક) ગાંધીજી (ડ) બળવંતરાય ઠાકોર

(૩) પ્રહલાદ પારેખનો કાવ્યસંગ્રહ ‘બારી બહાર’ ક્યારે પ્રગટ થયો ?

(અ) ૧૯૪૦ (બ) ૧૯૫૦

(ક) ૧૯૨૦ (ડ) ૧૯૩૦

(૪) ‘આજ અંધાર ખુશબોભર્યો લાગતો’ કાવ્યસંગ્રહનું સંપાદન કોણે કર્યું છે ?

(અ) વિનોદ જોશી (બ) ઉમાશંકર જોશી

(ક) સુરેશ જોશી (ડ) મનોજ જોશી

(૫) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો' સંગ્રહમાં કુલ કેટલાં કાવ્યો છે ?

(અ) ૩૭ (બ) ૩૬

(ક) ૩૮ (ડ) ૩૯

(૬) નીચેની પંક્તિ કયા કાવ્યની છે ?

'આનંદઘેલા હૈયા અમારાં આજ અંધારાને યે અપનાવ્યું !'

(અ) ઘાસ અને હું (બ) અમે અંધારું શણગાર્યું

(ક) દિલડાંની વાત (ડ) છેલ્લી પૂજા

(૭) 'બારી બહાર' કાવ્યમાં કાવ્યનાયકને કોણ આવકારે છે ?

(અ) મિત્રો (બ) પ્રકૃતિ

(ક) સગાસંબંધી (ડ) મહેમાન

(૮) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'માં સૉનેટ રચનાઓ કેટલી છે ?

(અ) ૬ (બ) ૭

(ક) ૮ (ડ) ૯

(૯) 'જૂઈ' કાવ્યમાં જૂઈનું ફૂલ કોની સાથે સંતાકૂકડી રમે છે ?

(અ) તડકા (બ) પવન

(ક) ભમરા (ડ) વરસાદ

(૧૦) 'એકલું' કાવ્યમાં નાયકને શાનો પાર નથી ?

(અ) ધનનો (બ) આશાનો

(ક) વૈભવનો (ડ) યશનો

(૧૧) 'સૂર્યોદય' કાવ્યનો પ્રકાર કયો છે ?

(અ) ગીત (બ) ખંડકાવ્ય

(ક) સૉનેટ (ડ) ઊર્મિકાવ્ય

(૧૨) 'ઘેરૈયા' કાવ્યમાં કવિ 'મહાઘેરૈયા' તરીકે કોને ઓળખાવે છે ?

(અ) પ્રકૃતિને (બ) મેઘધનુષ્યને

(ક) ઈશ્વરને (ડ) પોતાને

(૧૩) 'વિદાય' કાવ્ય કયા પ્રકારનું છે ?

(અ) ગીત (બ) ગઝલ

(ક) સૉનેટ (ડ) ઊર્મિકાવ્ય

(૧૪) 'વાતો' કાવ્યનું સ્વરૂપ શું છે ?

(અ) ગઝલ (બ) ગીત

(ક) સૉનેટ (ડ) ખંડકાવ્ય

(૧૫) નીચે આપેલા કાવ્યોમાં કયું કાવ્ય સૉનેટ નથી ?

(અ) અબોલડા (બ) વિદાય

(ક) છેલ્લી પૂજા (ડ) સૂર્યોદય

(૧૬) 'છેલ્લી પૂજા' કાવ્યમાં સુંદરી પૂજા કરવા શાની સામગ્રી લઈને જાય છે ?

(અ) નૃત્યની (બ) સંગીતની

(ક) આરતીની (ડ) ફૂલોની

(૧૭) ''ઊભી રે ધરણી મારી પાસમાં, ઉપર આભ અપાર'' પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

(અ) અંધ (બ) બારી બહાર

(ક) આજ (ડ) એકલું

(૧૮) ''ઉરે હતી વાત હજાર કે'વા, કિન્તિ નહીં ઓષ્ઠ જરીય ઊઘડ્યા'' પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

(અ) વાતો (બ) વિદાય

(ક) બારી બહાર (ડ) અબોલડા

(૧૯) નીચેનામાંથી કયું કાવ્ય પ્રહલાદ પારેખનું નથી ?

(અ) છેલ્લી પૂજા (બ) દિલડાંની વાત

(ક) અંધ (ડ) છેલ્લું દર્શન

(૨૦) 'ચાંદરણા' કાવ્યમાં કાવ્યનાયકને ક્યાંથી સુગંધ આવે છે ?

(અ) ઘરમાંથી (બ) ખેતરમાંથી

(ક) ફળિયામાંથી (ડ) ઓસરીમાંથી

## વિભાગ – ૨

૨ નીચેનામાંથી કોઈ પણ **એક**નો ઉત્તર લખો : ૧૦

(૧) 'કવિ પ્રહલાદ પારેખની કવિતાને આંખ, કાન, નાકની કવિતા કહેવાનું મન થાય છે' ઉમાશંકર જોશીના આ વિધાનની 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'ને આધારે સમીક્ષા કરો.

(૨) 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો'ની રચનાઓને આધારે કવિ પ્રહલાદ પારેખની સર્જકપ્રતિભાનું મૂલ્યાંકન કરો.

૩ નીચેનામાંથી કોઈ પણ **એક**નો ઉત્તર લખો : ૧૦

(૧) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'ની રચનાઓને આધારે કવિ પ્રહલાદ પારેખની પ્રકૃતિ કવિતાઓની સમીક્ષા કરો.

(૨) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'ની સૉનેટ રચનાઓનું વિષયવૈવિધ્ય તપાસો.

૪ (અ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ **એક**) ૮

(૧) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો' કાવ્ય સંગ્રહના શીર્ષકની યોગ્યતા.

(૨) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'ની કાવ્યબાની.

(બ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ **એક**) ૮

(૧) 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'નાં પ્રણયકાવ્યો.

(૨) 'બારી બહાર' કાવ્યની સમીક્ષા કરો.

૫ ટૂંકમાં ઉત્તર લખો : (કોઈ પણ **બે**) ૧૪

(૧) 'વિદાય' કાવ્યનું ભાવદર્શન

(૨) 'અમે અંધારું શણગાર્યું'નો આસ્વાદ

(૩) ''ખુદનો ભરોસો જેને હોય નહિ રે
તેને ખુદાનો ભરોસો નકામ''
– પંક્તિ સંદર્ભ સમજાવો.

(૪) 'ઘેરૈયા' કાવ્યકલાકૃતિનું રસદર્શન.

---